GJMH010007782021

આંક–૪૬

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૦૫–૦૩–૨૦૨૧ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૫–૦૩–૨૦૨૧ |
| નિકાલ કર્યા તારીખ | ૩૦–૦૮–૨૦૨૫ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૪ – ૦૫ – ૨૫ |

**મે.મહેસાણા જિલ્લાની સેશન્સ અદાલત સમક્ષ,**
**મું.મહેસાણા.**

**જજમેન્ટ તારીખઃ–૩૦–૦૮–૨૦૨૫**
**સેશન્સ કેસ નં.૪૯/૨૦૨૧.**

**સાંથલ પો.સ્ટે.ગુના રજીસ્ટર નંબર**
**ફર્સ્ટ – ૧૪/૨૦૨૦**
**ઈ. પી. કો. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪,૧૧૪ તથા**
**જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | વિ.એડી.પી.પી.શ્રી બી.જી.પટેલ |
| આરોપીઓ | **૧. નાડીયા ભરતભાઈ કાંતીભાઈ,** ઉ.વ.આ. ૨૫, **૨. નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ,** ઉ.વ.આ.૨૨, **૩. નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈ,** ઉ.વ.આ.૫૮, તમામ રહે. માંકણજ,તા.જોટાણા,જી.મહેસાણા |
| આરોપીઓ તરફે | વિ.વકીલશ્રી એસ.કે.બ્રહ્મભટ્ટ |

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

| | ફોર્મ–બી |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૨–૦૪–૨૦૨૦ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૦૩–૦૪–૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | ૧૬–૦૯–૨૦૨૦ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૨૮–૧૦–૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨–૦૯–૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ---- |
| ચુકાદો આપ્યા તારીખ | ૩૦–૦૮–૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | |

**આરોપીની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાડીયા ભરતભાઈ કાંતીભાઈ | ૧૧/૦૫ /૨૦૨૦ | ૧૧/૦૫ /૨૦૨૦ | ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩,૫૦૪, ૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ | તકસીરવાન ઠરાવ્યા | પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ આવી નિર્ણય થતાં સુધી સજાનો હુકમ મુલત્વી રાખવામાં આવેલ છે. | -- |
| ૨ | નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ | ૧૧/૦૫ /૨૦૨૦ | ૧૧/૦૫ /૨૦૨૦ | – ઉપર મુજબ – | તકસીરવાન ઠરાવ્યા | પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ આવી નિર્ણય થતાં સુધી સજાનો હુકમ મુલત્વી રાખવામાં આવેલ છે. | -- |
| ૩ | નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈ | ૧૧/૦૫ /૨૦૨૦ | ૧૧/૦૫ /૨૦૨૦ | – ઉપર મુજબ – | તકસીરવાન ઠરાવ્યા | પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ આવી નિર્ણય થતાં સુધી સજાનો હુકમ મુલત્વી રાખવામાં આવેલ છે. | -- |

**–:: જજમેન્ટ :: –**

(૧) હાલનો સેશન્સ કેસ **સાંથલ પો.સ્ટે.ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ – ૧૪/૨૦૨૦ થી** દાખલ થયેલ પ્રથમ બાતમી અહેવાલ સંબંધેની તપાસ બાદ સંબંધીત તપાસ

કરનાર અધિકારી અ.હે.કો. જાલમસિંહ જગુભા ધ્વારા દાખલ કરવામાં આવેલ ચાર્જશીટ રજુ થતાં અત્રેની અદાલત સમક્ષ કમીટ થઇ આવતાં ઉપસ્થિત થયેલ છે.

➢ અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, હાલના કેસનો કાઉન્ટર કેસ (ક્રોસ કેસ) કે જેનો સેશન્સ કેસ નં.૬૧/૨૦૨૦ (ઈ. પી. કો.કલમ ૩૦૨ વિ.)છે, તે કેસ પણ અત્રેની કોર્ટમાં ન્યાયને આધીન પેન્ડીંગ હોવાથી તે કેસનો ન્યાયીક નિર્ણય અને નિકાલ હાલના કેસ સાથે કરવામાં આવી રહ્યો છે.

નામદાર સુપ્રિમ કોર્ટે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. મિશ્રીલાલ (મૃતક) અને બીજાઓ (૨૦૦૧ એ.આઈ.આર. (સુ.કો.) પાન નં.૮૨૬)** તથા **સુધીર અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રા (૨૦૦૧ એ.આઈ.આર. એસ.સી.સી., પાન નં. ૪૯૧)** ના કેસના ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત કરી આપ્યા મુજબ જયારે ક્રોસ કેસનો મામલો હોય ત્યારે બંને કેસો એકજ અદાલત ધ્વારા ચલાવવાના હોય છે અને બંને કેસોનો આખરી નિર્ણય એકજ દિવસે કરવાનો હોય છે. જેથી આ અદાલત ધ્વારા આ બંને ક્રોસ કેસોનો ન્યાયીક નિર્ણય અલગ- અલગ જજમેન્ટ આપીને એકજ દિવેસે કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદની વિગત</u>**

(૨) આ કામના ફરિયાદી પુરીબેન રમણભાઈ જોઈતારામ નાડીયા,(સાહેદ નં.૦૧), ઉ.વ.આ. ૪૨,ધંધો-ઘરકામ, રહે.માંકણજ, નાડીયાવાસ, તા.જોટાણા, જી. મહેસાણાવાળા એ તારીખ ૦૩-૦૪-૨૦૨૦ નારોજ અ.હે.કો. સાંથલ પોલીસ સ્ટેશન રૂબરૂ આપેલ ફરિયાદની ટુંકમાં વિગત એવી છે કે,ગઈ તારીખ ૦૨-૦૪-૨૦૨૦ નારોજ સાંજના આશરે ૦૬:૦૦ વાગ્યાના સુમારે તેઓ તેમના ઘર આગળ વાસણ ધોતા હતા તે દરમ્યાન તેમનો દિકરો દશરથભાઈ તથા જયદીપકુમાર બંને જણા તેમની બાજુમાં ઉભા હતા તે વખતે તેમના જેઠનો દિકરો ભરતભાઈ કાન્તીભાઈ પોતાના હાથમાં તલવાર લઈ તેમના નજીક આવી તેઓને કહેલ કે, તમોએ તો મારા ભાઈને ગામમાં રહેવા દીધેલ નથી, તેવું કહેતા ફરિયાદીએ કહેલ કે, તમારા ભાઈને તમે કાઢી મુકેલ છે, તેમ કહેતાં આ ભરતભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલા, જેથી તેમના દિકરાએ ગાળો બોલવાની ના પાડતાં ભરતભાઈએ એકદમ ઉશ્કેરાઈ જઈ તેમના દિકરા દશરથભાઈને પોતાના હાથમાંની તલવાર મારવા જતાં તેમના દિકરાએ તલવાર પકડવા જતાં હાથ વચ્ચે લાવવા છતાં તલવારની કિનારી તેમના દિકરાના માથાના નીચેના ભાગે કાન ઉપર વાગેલી અને માથા ઉપર પણ તલવારની મુંઠ મારેલી, જેથી તેને લોહી આવવા લાગતા તેઓ તેમના દિકરાને છોડાવવા જતા આ ભરતભાઈએ તેમને પણ માથાના ભાગે

ઉંધી તલવાર મારેલી, જેથી તેઓ બધા બુમાબુમ કરતા નજીકમાંથી તેમના જેઠનો દિકરો નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ હાથમાં લાકડી લઈ તથા તેમના મોટા જેઠ નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈ હાથમાં લાકડી લઈ તથા તેમના જેઠનો દિકરો નાડીયા દિનેશભાઈ પરસોત્તમભાઈ દોડી આવી દિલીપભાઈ તથા પરસોત્તમભાઈ પોતાના હાથમાંની લાકડીઓ તેમને બંને પગે મારવા લાગેલા, જેથી તેમનો નાનો દિકરો જયદીપ વચ્ચે પડતાં તેને પણ પગ ઉપર લાકડીઓ મારેલી તથા દિનેશભાઈ તેમના દિકરા દશરથને ગડદાપાટુનો માર મારવા લાગતા તેઓ બધાએ ભેગા મળી બુમાબુમ કરતાં તેમના પતિ આવી તેમને સમજાવી ત્યાંથી કાઢી વધુ મારમાંથી બચાવેલા અને ત્યાં મહોલ્લાના માણસો પણ ભેગા થયેલા હોઈ કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ૧૦૮ વાન આવી જતાં તેમના પતિ ૧૦૮ વાનમાં તેમને તથા તેમના બંને દિકરાઓને બેસાડી મહેસાણા સિવિલ હોસ્પીટલમાં લાવેલા જયાં ફરજ ઉપરના ડોકટર સાહેબે તેમની સારવાર કરી તેમના માથાના ભાગે આશરે દશેક જેટલા ટાંકા લીધેલ તથા તેમના દિકરા દશરથને સારવાર સારૂ પુરૂષ સર્જીકલ વોર્ડમાં લઈ ગયેલ હોય ફરિયાદીએ ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા ફરિયાદ આપેલ છે.

**<u>પોલીસ કાર્યવાહી અને ચાર્જશીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે હાલના આરોપીઓ વિરૂધ્ધ **સાંથલ પો.સ્ટે.ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ – ૧૪/૨૦૨૦ થી ઈ. પી. કો. કલમ ૩૨૪,૩૨૩, ૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫** મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૪) ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લઈ ગુનાની તપાસ પી.એસ.ઓ.એ સાંથલ પો.સ્ટે.ના અ.હે.કો.શ્રીનાઓને સોંપતાં તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામા કરેલ છે, મુદ્દામાલ કબજે લીધેલ છે તેમજ તપાસના અંતે જરૂરી પુરાવો મળતાં આરોપીઓ વિરૂધ્ધ ક્રિ. પ્રો.કોડની કલમ ૧૭૩(૨) મુજબ રીપોર્ટ એટલે કે ચાર્જશીટ મહેસાણાના વિ.ચીફ જયુડી.મેજી. શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવતાં તેને **ફોજદારી કેસ નં.૩૬૬૬/૨૦૨૦** થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**<u>કમીટલ અંગેની કાર્યવાહી</u>**

(૫) સદરહું ચાર્જશીટ મહેસાણાના વિ.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારૂ આવતાં વિ.ટ્રાયલ કોર્ટે આક્ષેપીત ગુનાનો ક્રોસ કેસ સેશન્સ ટ્રાયબલ ગુનો હોવાથી આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ

સાથેના પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૯ મુજબ કેસ કમિટ કરી સેશન્સ કોર્ટ મહેસાણાને મોકલી આપેલ છે.

(૫.૧) જે કેસ મળી જતાં મારા પુરોગામી વિદ્વાન સત્ર ન્યાયાધીશશ્રીએ ગુનાનું કોગ્નિઝન્સ લીધેલ છે અને કેસ રજીસ્ટરે લેવા હુકમ કરતાં તેને **સેશન્સ કેસ નં.૪૯/૨૦૨૧** આપવામાં આવેલ છે અને આરોપીઓ જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

**ચાર્જફ્રેમ::**

(૬) આ કામે **આંક–૦૫**થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે અને **આંક–૦૬થી આંક–૦૮** મુજબ આરોપીઓની પ્લી નોંધેલ છે.જે તહોમતનામું આરોપીઓને વાંચી સંભળાવતાં, સમજાવતાં આરોપીઓએ તહોમતનામાનો ઈન્કાર કરેલ છે અને ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે, જેથી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૭) ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ મુજબનું તહોમતનામું પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો:**

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૪ | પુરીબેન રમણભાઈ નાડીયા | ફરિયાદી |
| ૨ | ૧૯ | દશરથભાઈ રમણભાઈ નાડીયા | ઈજા પામનાર સાહેદ |
| ૩ | ૨૦ | જયદીપકુમાર રમણભાઈ નાડીયા | ઈજા પામનાર સાહેદ |
| ૪ | ૨૧ | જીતેન્દ્રસિંહ રણજીતસિંહ ઝાલા | પંચ સાહેદ |
| ૫ | ૨૪ | પ્રહલાદભાઈ મગનભાઈ નાડીયા | પંચ સાહેદ |
| ૬ | ૨૫ | રમણભાઈ જોઈતારામ નાડીયા | સાહેદ |
| ૭ | ૨૬ | ડૉ.અક્ષયકુમાર રામભાઈ પ્રજાપતિ | તબીબી સાહેદ |
| ૮ | ૩૩ | વિપુલભાઈ જશુભાઈ નાડીયા | પંચ સાહેદ |
| ૯ | ૩૫ | મહેન્દ્રભાઈ કરશનભાઈ નાડીયા | પંચ સાહેદ |
| ૧૦ | ૩૬ | કાનજીભાઈ કલાભાઈ રબારી | પોલીસ સાહેદ |
| ૧૧ | ૪૦ | જાલમસિંહ જગુભાઈ રાઠોડ | પોલીસ સાહેદ |
| ૧૨ | ૪૨ | વિપુલકુમાર બાબુભાઈ ચૌધરી | પોલીસ સાહેદ |

(૭.૧) આરોપી પક્ષે બચાવના કોઈપણ સાહેદ તપાસેલ નથી.

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

(૭.૨) કોર્ટ વિટીનેશ તપાસવામાં આવેલા નથી.

(૮) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**દસ્તાવેજી પુરાવો:**

| ક્રમ | આંક | જે સાહેદની જુબાનીમાં આંક રીફર થયેલા છે તે સાહેદની વિગત | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૫ | સાહેદ નં. ૧ | ફરિયાદીની ફરિયાદ |
| ૨ | ૨૨ | સાહેદ નં. ૪ | મારક હથિયાર રીકવરી પંચનામું |
| ૩ | ૨૩ | સાહેદ નં.૪ | પંચ સ્લીપ |
| ૪ | ૨૭ | સાહેદ નં.૭ | દશરથભાઈ રમણભાઈ નાડીયાનું જનરલ હોસ્પીટલ, મહેસાણાનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૫ | ૨૮ | સાહેદ નં.૭ | દશરથભાઈ નાડીયાના સારવારના કેસ પેપર્સ |
| ૬ | ૨૯ | સાહેદ નં.૭ | નાડીયા પુરીબેન રમણભાઈનું જનરલ હોસ્પીટલ, મહેસાણાનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૭ | ૩૦ | સાહેદ નં.૭ | ઈજા પામનાર પુરીબેનના સારવારના કેસ પેપર્સ |
| ૮ | ૩૧ | સાહેદ નં.૭ | ઈજા પામનાર જયદીપકુમાર નાડીયનું જનરલ હોસ્પીટલ, મહેસાણાનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૯ | ૩૨ | સાહેદ નં.૭ | ઈજા પામનાર જયદીપકુમારના સારવારના કેસ પેપર્સ |
| ૧૦ | ૩૪ | સાહેદ નં. ૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૧ | ૩૭ | સાહેદ નં.૧૦ | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ |
| ૧૨ | ૩૮ | સાહેદ નં.૧૦ | ગુનો રજીસ્ટર કરવા બાબતનો રીપોર્ટ |
| ૧૩ | ૩૯ | સાહેદ નં.૧૦ | ડેપ્યુટ હુકમ |
| ૧૪ | ૪૧ | સાહેદ નં.૧૧ | હથિયારબંધીના જાહેરનામાની નકલ |

## ( ૮.૧ ) મટીરીયલ ઓબ્જેકટસ

| ક્રમ | મટેરીયલ ઓબ્જેકટસ | વર્ણન |
|---|---|---|
| ૧ | તલવાર | એક લોખંડની જુની કાટવાળી તલવાર મુઠવાળી જેની લંબાઈ ૨ ફુટ સાડા ત્રણ ઈંચના આશરાની જેના ઉપર કોઈ લોહી વિગેરેના નિશાન જણાતા નથી તે |
| ૨ | લાકડી | એક વાંસની લાકડી પાંચ ગાંઠોવાળી લંબાઈ ૪ ફુટ ૩ ઈંચની લોહી વિગેરેના કોઈ નિશાન જણાતા નથી તે |
| ૩ | લાકડી | એક જુના જેવી લાકડી છ ગાંઠોવાળી લંબાઈ ચાર ફુટ પાંચ ઈંચની વચ્ચેથી ચીરાયેલી છે તે |

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

**ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન**

(૯) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થઈ જતાં વિ. એડી.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરશીસ આંક–૪૩ થી આપેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ એક સરખી હકીકત જણાવી જણાવેલ છે કે, " આ કામે હાલના ફરિયાદી ઉપર અમો આરોપીઓએ સૌપ્રથમ ફરિયાદ આપેલ. હાલના ફરિયાદીએ અમો આરોપીઓ સાથે ખોટી રીતે ઉશ્કેરાઈ જઈ તલવાર સાથે હુમલો કરેલ જેમાં દિનેશભાઈ હાલના આરોપીઓમાં નામ છે અને ફરિયાદી છે જે તલવારના હુમલાથી મૃત્યુ પામલે છે. આમ, સામાન્ય બોલાચાલીમાં હાલના ફરિયાદી અને તેમના દિકરાઓએ અમો આરોપીઓ ઉપર ખુની હુમલો કરેલ. તેઓ અમો આરોપીઓ ઉપર હુમલો કરતાં બચાવ કરવા માટે પ્રયત્ન કરેલ અને હાલ તેઓ અમો આરોપીઓ ઉપર હુમલો કરતા બચાવ કરવા માટે અમોએ પ્રયત્ન કરેલ અને હાલના ફરિયાદી તથા તેમના દિકરાઓને વાગેલ છે. હાલના ફરિયાદીના દિકરા દશરથ તેમના માતાને બિભત્સ ગાળો બોલતા હતા અને અમો આરોપી ત્યાંથી પસાર થતાં ફરિયાદીનો દિકરો તેમના માતાને ગાળો બોલતાં હોઈ ગાળો નહી બોલવાનું કહેતાં અમો આરોપીઓ ઉપર હુમલો કરેલ છે. અમો આરોપીઓએ કોઈ હુમલો હાલના ફરિયાદી કે તેમના દિકરાઓનેમારેલ નથી કે કોઈ તિક્ષ્ણ હથિયાર તલવાર કે લાકડીથી મારેલ નથી. બચાવ કરવા જતાં હાલના ફરિયાદી કે તેમના દિકરાઓને વાગી ગયેલ છે. અમો તદન નિર્દોષ છીએ. અમોએ કોઈ ગુનો કરેલ નથી. આથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.હાલના ફરિયાદી પુરીબેન રમણલાલ નાડીયા વિરૂધ્ધ અમો આરોપીઓએ પોલીસ અરજી કરેલ તે અરજી તથા અમો આરોપીઓ ઉપર કરેલ ઈ. પી. કો.કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક કલમ–૩,૭ મુજબ કરેલ ફરિયાદના જજમેન્ટની નકલ આ સાથે સામેલ છે."

(૧૦) ત્યારબાદ સદર કામ બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો માટે રાખવામાં આવતા ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી બી.જી.પટેલનાઓની દલીલો સાંભળી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.કે.બ્રહ્મભટ્ટ નાઓની દલીલો સાંભળી.

**ફરિયાદપક્ષની દલીલોઃ–**

(૧૧) **ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી બી.જી.પટેલે** મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે આરોપીઓ ઉપર આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને

તહોમતનામુ પુરવાર કરવા ફરિયાદ તથા ઈજા પામનાર સાહેદો, મેડીકલ ઓફીસરશ્રી તથા પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે અને આ તમામ સાહેદોને તપાસી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમતનામુ પુરવાર કરેલ છે અને ઈ.પી.કો. કલમ ૩૨૪,૩૨૩, ૫૦૪,૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો પુરવાર થાય છે.

**(૧૧.૧)** વિ.એડી.પી.પી.શ્રીએ વધુ દલીલમાં જણાવેલ છે કે,સામ સામે ક્રોસ કેસ છે, જેથી આરોપીઓની બનાવ સ્થળે હાજરી બાબતે કોઈ તકરાર નથી. બનાવ ફરિયાદી પુરીબેનના ઘરના આંગણામાં બનેલો છે. આરોપી ભરતે, સાહેદ દશરથભાઈને માથાના નીચેના ભાગે કાન પર તલવાર મારેલ તેમજ પુરીબેનને પણ માથામાં તલવાર મારેલી છે. આરોપી દિલીપે ફરિયાદી પુરીબેનને પગ પર લાકડી મારેલ તેમજ આરોપી પરસોત્તમભાઈએ લાકડી તથા ગડદાપાટુનો માર મારેલ છે. ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદો દશરથભાઈ તેમજ જયદીપભાઈના પુરાવામાં કોઈ વિરોધાભાસ નથી. ત્રણે સાહેદોનો પુરાવો વિશ્વસનીય છે અને સાતત્યપુર્ણ છે. સાહેદ નં. ૬ રમણભાઈ જોઈતારામ નજરે જોનાર સાહેદ છે અને ફરિયાદી પુરીબેનના પતિ છે, જેઓએ ફરિયાદપક્ષના કેસને અંશતઃ સમર્થન કરેલ છે. સાહેદ નં. ૪, ૫, ૮ તથા ૯ પંચ સાહેદો છે જેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે, પરંતુ ત.ક.અધિકારીના પુરાવામાં પંચનામાની હકીકતો પુરવાર થયેલ છે. સાહેદ નં. ૭ ડો.અક્ષય પ્રજાપતિનો પુરાવો જોવામાં આવે તો સાહેદ દશરથભાઈએ તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં ભરતભાઈ અને દિનેશભાઈના નામ લખાવેલ છે અને તલવારથી ઈજા પહોંચાડેલ હોવાનું જણાવેલ છે. ઈજા પામનાર સાહેદ દશરથભાઈને થયેલ ઈજાઓ જોતાં ઈજા નં. ૧,૪ તલવાર તથા ઈજા નં. ૨, ૩ લાકડીથી થઈ શકે તેવી હોવાનું પુરવાર થાય છે. ઈજા પામનાર પુરીબેને હીસ્ટ્રીમાં ભરતે તલવાર મારેલાનું જણાવેલ છે અને ડો.અક્ષય પ્રજાપતિના પુરાવામાં પેરા-૧૨માં જણાવ્યા મુજબની ઈજાઓ થયેલ છે જેમાં ઈજા નં. ૧, ૨ અને ૪ તલવારથી તથા ઈજા નં. ૩ ગડદાપાટુ-લાકડીથી થાય તેવી છે. એ જ રીતે ઈજા પામનાર જયદીપે હીસ્ટ્રીમાં કોઈએ લાકડી મારેલ તેવું જણાવેલ છે અને તેમને જમણા પગે સોજો હોવાનુ અને સાદી ઈજા હોવાનું પુરવાર થાય છે. આરોપીઓએ ઈરાદા અને જ્ઞાન સાથે ઈજાઓ પહોંચાડેલ છે. સાહેદ નં.૧૦,૧૧, ૧૨ પોલીસ સાહેદો તેમજ ફરિયાદપક્ષે ફરિયાદી પુરીબેન, ઈજા પામનાર સાહેદો, તબીબી અધિકારીનો પુરાવો જોતાં ફરિયાદપક્ષે આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર થતુ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવવા લંબાણપુર્વક મૌખિક દલીલો કરેલ છે.

**બચાવપક્ષની દલીલોઃ-**

(૧૨) **આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.કે.બ્રહ્મભટ્ટનાઓએ** તેઓની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે,હાથ ઉપરના કેસમાં કોઈ ઈરાદો સાબીત થતો નથી જેથી ઈ. પી. કો. કલમ ૩૦૭ લાગુ પડતી નથી. ફરિયાદીના ઘર પાસે બનાવ બનેલો તે નિર્વિવાદીત હકીકત છે, પરંતુ હુમલો કરનાર દશરથ અને પુરીબેન છે, આરોપીઓ નથી. રમણભાઈના મોટાભાઈ પરસોત્તમભાઈ થાય છે. સામે સામે ક્રોસ કેસ છે અને પહેલી ફરિયાદ આરોપીપક્ષે આપેલ છે. ફરિયાદી પુરીબેને, રમણભાઈ સામે ઈ. પી. કો. કલમ ૪૯૮ નો કેસ કરેલ હતો જેમાં તેઓ છુટી ગયેલ છે. પુરીબેને રબારીઓ સામે પણ કેસ કરેલ છે. સાહેદ નં. ૭ ડો.અક્ષય પ્રજાપતિની ઉલટતપાસ ધ્યાને લેતાં ફરિયાદી પુરીબેનને માથાના આગળના ભાગની ઈજા સાદી હતી, ઉંડો ઘા ન હતો, પાછળના ભાગે ઉંડો ઘા હતો. બનાવ સ્થળે આર.સી.સી. નો રોડ છે તેથી ઈજા થયેલી છે, જેમાં કોઈ અસ્થિભંગ થયેલ નહતો. સાહેદ નં. ૩ જયદીપ નાડીયાની જુબાની માની શકાય તેવી નથી. ફરિયાદી પુરીબેનનો પુરાવો પણ વિરોધાભાસી છે તેમના પુરાવામાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ વાળી તલવાર બતાવવામાં આવતાં બનાવમાં તે તલવારથી ઈજા કરવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે. સાહેદ દશરથભાઈને તલવારના ઘા થી ઈજા થઈ છે. સાહેદ નં. ૬ રમણભાઈ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. ફરિયાદી તથા સાહેદ દશરથભાઈ, જયદીપભાઈ તેમજ રમણભાઈનો પુરાવો જોવામાં આવે તો માનવાલાયક જણાતો નથી. પ્રથમ હુમલો પુરીબેન અને દિનેશે કરેલો છે. બનાવમાં આરોપીઓની હાજરી એ નિર્વિવાદીત છે પરંતુ તેમનો ઈરાદો ઈજા પહોંચાડવાનો નથી.જેથી ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ નહોઈ જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૧૩) ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખ ૦૨-૦૪-૨૦૨૦ નારોજ કલાક ૧૮-૦૦ વાગે મોજે માંકણજ, તા.જોટાણા, જી.મહેસાણા મુકામે ફરિયાદીના ઘર આગળ આવી ફરિયાદી સાહેદને આરોપી નં. ૧ નાએ કહેલ કે તમોએ મારા ભાઈને ગામમાં રહેવા દીધેલ નથી તેમ કહી ગાળો બોલી,ઉશ્કેરાઈ જઈ હાથમાંની તલવારથી ફરિયાદીને મારવા જતાં ફરિયાદીના દિકરા દશરથભાઈએ હાથ વચ્ચે લાવતાં

તલવારની કિનાર તેમના માથાની નીચે કાન ઉપર વાગેલ અને જેથી ફરિયાદીએ વચ્ચે પડતાં આરોપી નં. ૧ નાએ તલવારની મુંઠ ફરિયાદીના માથામાં ઉંધી મારેલ અને બુમાબુમ થતાં આરોપી નં. ૨ અને ૩ નાઓએ હાથમાં લાકડીઓ લઈ આવી ફરિયાદી તથા તેમના દિકરાને માર મારી તેમજ ગડદાપાટુનો માર મારી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરીગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી **ઈ. પી. કો. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે.?

(૨) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવના અરસામાં હથિયારબંધીનું જાહેરનામું અમલમાં અને અસ્તિત્વમાં હતું અને તેનો જાણીજોઈને આરોપીઓએ ભંગ કરી જાહેરમાં તલવાર તથા લાકડી જેવા હથિયારો ધારણ કરી તેનો ગુનામાં ઉપયોગ કરી **જી.પી. એકટની કલમ ૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે.?

(૩) શું હુકમ ?

**(૧૪)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

<u>-: નિ ર્ણ યો :-</u>

(૧) **અંશતઃ હકારમાં.**
(૨) **હકારમાં.**
(૩) **આખરી હુકમ મુજબ**

**(૧૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

<u>-: કા ર ણો :-</u>

**(૧૬)** હવે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ લેખિત/મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો,....

**<u>ફરિયાદીના પુરાવાની ચર્ચા</u>**

**(૧૭)** **સા.નં.૧,આંક-૧૪ થી ફરિયાદી પુરીબેન રમણભાઈ નાડીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તેમના મોટા પુત્રનું નામ દશરથ છે અને નાના દિકરાનું નામ જયદીપ છે. તેમના પતિ રમણભાઇ લાયન્સ હોસ્પીટલમાં નોકરી કરે છે. બનાવ અઢી વર્ષ અગાઉ માંકણજ ગામે આ સાહેદના ઘરના આંગણામાં બનેલો. બનાવના સાંજે આઠ વાગ્યે

આ સાહેદ ઘરની આગળ વાસણ ધોતા હતા તે દરમ્યાન દશરથ અને જયદીપ આ સાહેદની બાજુમાં ઉભા હતા અને તે વખતે આ સાહેદના જેઠનો પુત્ર ભરત કાંતીલાલ હાથમાં તલવાર લઇ આવી કહેવા લાગેલ કે, 'મારા ભાઇને તમે કાઢી મુકેલ છે.' જેથી આ સાહેદે કહેલ કે, 'મારો કોઇ વાંક નથી.' આમ કહેતાં ભરતભાઇ ઉશ્કેરાઇ જઇ ગાળો બોલવા લાગેલા અને આ સાહેદના પુત્રએ ગાળો બોલવાની ના પાડતાં ભરતભાઇ ઉશ્કેરાઇ જઇ દશરથભાઇને તલવાર મારવા જતાં દશરથે તેનો હાથ આડો કરતાં માથાના નીચેના ભાગે કાન ઉપર તલવાર વાગેલી અને માથા ઉપર તલવારની મુઠ મારેલી જેથી દશરથને લોહી આવતાં આ સાહેદ છોડાવવા જતાં તેમને પણ ભરતભાઇએ માથાના ભાગે તલવાર મારેલી અને બધા બુમાબુમ કરતાં નજીકમાંથી આ સાહેદનો જેઠનો દિકરો દિલીપભાઇ કાંતીભાઇ, જેઠ પરસોત્તમભાઇ તેમના હાથમાં લાકડી લઇ આવી આ સાહેદને પગ ઉપર લાકડીઓ મારવા લાગેલા તેમજ દિનેશભાઇ પરસોત્તમભાઇ દોડી આવી આ સાહેદને ગડદાપાટુનો માર અને દશરથભાઇને પણ માર મારેલો, દરમ્યાન આ સાહેદનો પુત્ર જયદીપ વચ્ચે પડતાં આરોપી દિલીપ અને આરોપી પરસોત્તમભાઇએ પણ જયદીપને પગ ઉપર લાકડીઓ મારેલી. આ દરમ્યાન આ સાહેદના પતિ રમણભાઇ આવી જતાં આરોપીઓને સમજાવી વધુ મારમાંથી બચાવેલા. મહોલ્લાના માણસો ભેગા થતાં કોઇએ એમ્બ્યુલન્સ બોલાવેલી અને આ સાહેદ અને તેમના બંને પુત્રને સારવારઅર્થે સીવી હોસ્પીટલ મહેસાણા લાવેલા. ડોકટરશ્રીએ આ સાહેદની સારવાર કરેલી. માથામાં દસેક ટાંકા આવેલા. તેમના દિકરા દશરથને પુરૂષ સર્જીકલ વોર્ડમાં અને આ સાહેદને સ્ત્રી સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલ. બનાવની ફરીયાદ આંક-૧૫ વાળી આપેલી જેમાં સાહેદે તેમની સહી ઓળખી બતાવેલ છે. આરોપીઓને પણ કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ વાળી તલવાર જોઇને જણાવેલ છે કે બનાવમાં આ તલવાર ન હતી. આર્ટીકલ નં. ૨,૩ વાળી લાકડીઓ જોઇને જણાવેલ છે કે તે જ લાકડીઓ વડે માર મારવામાં આવેલો.

(૧૭.૧) ઉલટતપાસમાં સ્વીકારેલ હકીકતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ફરીયાદપક્ષ અને આરોપીઓ વચ્ચે અગાઉ ઘણી વખત ઝઘડા થયેલા છે અને પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ ઘણી ફરીયાદો કરેલી છે. આ સાહેદે આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ-૪૯૮ ની ફરીયાદ કરેલી જેમાં આરોપીઓ નિર્દોષ છુટી ગયેલા છે. આરોપીઓએ ડી.એસ.પી.શ્રીને વારંવાર ફરીયાદો કરવામાં આવે છે તેવી

અરજી કરેલી છે કે કેમ તે ખબર નથી પરંતુ એક હકીકત સ્પષ્ટ થાય છે કે ફરીયાદ આરોપી પક્ષ વચ્ચે અગાઉથી તકરારો ચાલે છે.

(૧૭.૨) ઉલટતપાસથી એ પણ સ્પષ્ટ થાય છે કે, સાહેદ રાત્રે વાસણ માંજતા હતા ત્યારે તેમના બંને દિકરા હાજર હતા. એમ્બ્યુલન્સમાં દિનેશભાઇ અને તમામને હોસ્પીટલ લઇ જવામાં આવેલા અને જયદીપને દવાખાનામાં એડમીટ કરેલ ન હતો. બનાવ વખતે આ સાહેદના પતિ આવી ગયેલા અને સાહેદ અને તેમના પુત્રોને છોડાવેલા. સાહેદના મકાનની આગળ મહોલ્લાના રોડ આવેલ છે જે આર.સી.સી. નો છે અને આ સાહેદનું ઘર અને આરોપીનું ઘર એક જ લાઇનમાં છે. આ બનાવમાં આરોપીપક્ષે તેમના વિરૂધ્ધ ફરીયાદ આપેલી છે. અગાઉ આ સાહેદે તેમના પતિ પાસેથી ભરણપોષણ મેળવવા કેસ કરેલો પરંતુ તેમના પતિ ભરણપોષણ આપતા ન હતા. ઉલટતપાસમાં ઇન્કાર કરેલ છે કે બનાવમાં તેમને અને તેમના દિકરાઓને બોલાચાલી થતી હતી અને ભરતભાઇએ આવીને આ સાહેદના દિકરાને કહેલ કે, 'તું તારી માને કેમ બોલે છે ?' તેથી તેમનો દિકરો દશરથ ઉશ્કેરાઇ ગયેલો અને કહેવા લાગેલ કે, 'તું અમારા ઘરમાં બોલવાવાળો કોણ ?' તેમ કહી બોલાચાલી કરેલી અને આ સાહેદના દિકરા દશરથે ઘરમાંથી તલવાર લઇ આવી દિનેશભાઇ ઉપર હુમલો કરેલો અને દિનેશભાઇને પેટ ઉપર અને પગ ઉપર વાગેલું.

(૧૭.૩) ઉલટતપાસમાં ઇન્કાર કરેલ છે કે, આ સાહેદના પુત્ર દશરથભાઇએ, ભરતભાઇને ડાબા હાથે અને પેટના ભાગે, દીલીપભાઇ કાંતીભાઇને ડાબા હાથે અને પરસોત્તમભાઇના પત્ની ચંદ્રીકાબેનને હોઠ ઉપર અને દિનેશભાઇ નાડીયાને પેટ ઉપર તલવાર મારેલી અને દિનેશભાઇએ બુમાબુમ કરતાં તેમનો બીજો દિકરો આવી ગયેલો અને દિનેશભાઇ લોહીલુહાણ હાલતમાં બેઠેલા હતા અને તમામને હોસ્પીટલ લઇ ગયેલા. ઉલટતપાસમાં ઇન્કાર કરેલ છે કે દિનેશભાઇને દશરથભાઇએ તલવાર મારેલી તે ઇજાના કારણે મરણ ગયેલ અને ભરતભાઇ ત્યાંથી નીકળતી વખતે સાહેદના પુત્રને ઠપકો આપેલો તેથી તેમનો દિકરો તલવાર લઇને આવેલો અને તે તલવાર સાહેદને વાગેલી. ઉલટતપાસમાં ઇન્કાર કરેલ છે કે આરોપીઓ પાસે લાકડીઓ કે તલવાર ન હતી અને કોઇ ઇજા પહોંચાડી નથી. આમ, સાહેદનો પુરાવો જોતાં સ્પષ્ટ થાય છે કે બનાવ ફરીયાદી અને આરોપી વચ્ચે બનેલો અને તેમાં સામસામે મારામારી થયેલી અને સાહેદને માથાના ભાગે તલવાર વાગેલી. ડોકટરશ્રીનો પુરાવો જોતાં માથાના ભાગે આગળની ડાબી બાજુએ ૬ x ૨ સે.મી. નો કપાયેલો ઘા છે અને માથાના ભાગે જમણી બાજુ ૮ x ૨ સે.મી. નો કપાયેલો ઘા છે અને માથાના પાછળના ભાગે ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા છે.

સદર ઈજાઓ તલવારથી થઇ શકે તેવી સ્પષ્ટ થાય છે. સદર ઈજા આરોપી નં. ૧ ભરતભાઈએ પહોંચાડેલ હોવાનું પણ સ્પષ્ટપણે પુરવાર થાય છે. આરોપીપક્ષનો હાજરી, ઈજા સંબંધે કોઇ ખાસ પ્રોબેબલ બચાવ ફલીત થતો નથી. સાહેદે પુરાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે આરોપી નં. ૧ ભરતે તલવાર થી ઈજા પહોંચાડેલી. ઈજાઓ જોતાં પણ તીક્ષ્ણ હથીયારની કપાયેલી ઈજાઓ છે અને સદર ઈજાઓ તલવાર સીવાયના હથીયારથી થઇ શકે તેવું ઉલટતપાસમાંથી ફલીત થતું નથી. ઉલટતપાસમાં પુરીબેનને એવો કોઇ પ્રશ્ન પુછવામાં આવેલ નથી કે રોડ ઉપર પછડાવાથી થઇ શકે તેવી હતી અને અણીદાર પથ્થર ઉપર અને ખરબચડી દિવાલ સાથે માથુ ભટકાવાથી થઇ શકે તેવી હતી. આમ, ઈજાઓ સંબંધે કોઇ પ્રોબેબલ બચાવ સાહેદની ઉલટતપાસમાં મુકવામાં આવેલ નથી.

<u>બનાવમાં ઈજા પામનાર સાહેદોના પુરાવાની ચર્ચાઃ-</u>

(૧૮) **સા.નં.૨,આંક-૧૯ થી દશરથભાઈ રમણભાઈ નાડીયાને** તપાસવામાં આવેલા છે, સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે પરસોત્તમભાઇ અને કાંતીભાઇ બંને કાકા થાય છે અને આ સાહેદના પિતા રમણભાઇ લાયન્સ હોસ્પીટલમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરે છે. બનાવ બેએક વર્ષ પહેલાં તા. ૦૨-૦૪-૨૦૨૦ ના રોજ ભરતભાઈના ઘર આગળ સાંજના સમયે બનેલો. બનાવના દિવસે તેમની માતા ઘર બહાર વાસણ ધોતા હતા અને આ સાહેદ અને તેમનો ભાઈ તેમની માતાની બાજુમાં ઉભા હતા ત્યારે તેમના કાકાનો દિકરો ભરતભાઈ કાંતીભાઇ હાથમાં તલવાર લઇ આવી કહેવા લાગેલ કે, 'તમોએ મારા ભાઇને ગામમાં રહેવા દીધેલ નથી.' જેથી આ સાહેદની માતાએ કહેલ કે, 'તમોએ તમારા ભાઇને કાઢી મુકેલ છે.' તેમ કહેતાં આરોપી નં. ૧ ભરતભાઈ ઉશ્કેરાઇ ગયેલા અને ગાળો બોલવા લાગેલા અને ગાળો બોલવાની ના પાડતાં આરોપી નં. ૧ નાએ તલવાર મારવા માટે ઉગામેલી અને આ સાહેદ વચ્ચે હાથ આડો લાવતાં તલવાર માથાના નીચેના ભાગે કાન ઉપર વાગેલી અને માથામાં મારેલી અને આ સાહેદની માતાને પણ આરોપી નં. ૧નાએ તલવાર માથામાં મારેલી. જેથી આ સાહેદની માતાને લોહી નીકળતાં બંનેઉ જણે બુમાબુમ કરતાં આરોપી નં. ૨,૩ લાકડીઓ લઇ આવી ગયેલા અને દિનેશભાઈ પણ દોડી આવેલા. આરોપી નં. ૨,૩ નાએ સાહેદની માતાને પગમાં લાકડીઓ મારેલી અને જયદીપભાઇ વચ્ચે પડતાં તેના પગ ઉપર પણ લાકડીઓ મારેલી અને દિનેશભાઈ આ સાહેદને ગડદાપાટુનો માર મારવા લાગેલ, દરમ્યાન આ સાહેદના પિતા રમણભાઈ આવી જતાં આરોપીઓને સમજાવી વધુ મારમાંથી બચાવેલા. મહોલ્લાના કોઇ માણસે એમ્બ્યુલન્સને ફોન

કરતાં એમ્બ્યુલન્સ આવતાં આ સાહેદના પિતાજી ત્રણેય ઈજા પામનારાઓને બેસાડી સીવીલ હોસ્પીટલ, મહેસાણા લઈ ગયેલા. આ સાહેદને પુરૂષ સર્જીકલ વોર્ડ અને તેમની માતાને સ્ત્રી સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલ. બનાવની ફરીયાદ પુરીબેને આપેલી અને પોલીસે તેમની પુછપરછ કરેલી. તે વખતે આરોપી નં. ૧ આ સાહેદને તલવાર મારવા જતાં સાઇડમાં જતા દિનેશભાઇને તલવાર વાગેલી. આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧,૨ તથા ૩ જોઇને જણાવેલ છે કે બનાવ વખતે આરોપીઓના હાથમાં હતા તે જ હથીયાર છે અને તેના વડે ઈજા પહોંચાડેલ છે. આમ, સાહેદનો પુરાવો સમર્થનકારી જણાય છે.

(૧૮.૧) ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે કે તેમની માતા પુરીબેન અને તેમના પિતા રમણભાઈ અલગ રહેતા હતા. આ સાહેદની ઉંમર નાની હતી જેથી ખબર નથી કે તેમની માતા પુરીબેન, તેમના પિતા અને હાલના આરોપીઓ વિરૂધ્ધ ૪૯૮ ની ફરીયાદ કરેલી અને તેમની માતા હાલના આરોપીઓ અને અન્ય કુટુંબીઓ વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરતાં કેરોસીન છાંટી બળી મરવાની ધમકી આપતાં અને આરોપીઓએ પુરીબેન વિરૂધ્ધ અરજી કરેલી અને તેમાં પોલીસે જવાબ લીધેલો.

(૧૮.૨) ઉલટતપાસમાં સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે આ સાહેદ તેમના વકીલના શીખવાડયા મુજબ જુબાની આપેલ છે. આ સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદમાં એવું લખાવેલ નથી કે, ‘બનાવ વખતે દિનેશભાઇ મને ગડદાપાટુનો માર મારતા હતા અને તે વખતે ભરતભાઈ મને તલવાર મારવાં જતાં હું સાઇડમાં થઇ જતાં દિનેશભાઇને તલવાર વાગેલી.’ આ હકીકત સાહેદે અતિશયોકતીભરી જણાવેલ છે. ઉલટતપાસનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતાં પણ ફલીત થાય છે કે આ સાહેદ બનાવ વખતે આઈ.ટી.આઈ. કરવા માટે મહેસાણામાં ન હતા. બનાવ રાત્રે આઠેક વાગ્યાનો છે. આ સાહેદનું મકાન અને આરોપીઓના મકાન એક જ લાઇનમાં આવેલા છે. વળી તેમના ઘરની બહાર આર.સી.સી. રોડ આવેલ છે. બાકીની પેરા–૧૩ ની ઉલટતપાસ મહત્વની કે સુસંગત નથી. બનાવ વખતે તેમના પિતા ખેતરમાં ગયેલા પરંતુ બનાવ ચાલુ હતો દરમ્યાન આવી ગયેલા અને આરોપીઓને સમજાવી વધુ મારમાંથી બચાવેલા. આરોપીઓએ પણ તેમના વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે. આ સાહેદે ઉલટતપાસમાં સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે તેમણે પણ તલવારથી હુમલો કરેલો અને તેમાં ભરતભાઇને હાથના ભાગે અને દિનેશભાઇને પેટના ભાગે અને હાથના ભાગે વાગેલું તેમજ તલવાર વાગતાં દિનેશભાઇ અને ભરતભાઇને લોહી નીકળેલું. ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે કે મરનાર દિનેશભાઇ ગામની દુધમંડળીમાં દુધ ભરાવીને ઘરે જતા હતા દરમ્યાન

પુરીબેન અને આ સાહેદ ધમકાવતા હતા અને આ સાહેદે તલવાર લઈ આવી દિનેશભાઈને ડાબા હાથ ઉપર પેટના ભાગે અને પુરીબેને દિનેશભાઈને ગડદાપાટુનો માર મારેલ. આમ, સાહેદનો પુરાવાનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતાં બનાવ ફરીયાદપક્ષ અને આરોપીપક્ષ વચ્ચે બનેલ છે અને સાહેદની હાજરી બનાવસ્થળે હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. બનાવમાં આ સાહેદને પણ ઈજાઓ થયેલી છે. જમણા કાન ઉપર ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા થયેલ છે અને માથાના આગળ ડાબી બાજુએ ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા થયેલ છે. આ ઈજાઓ તલવાર જેવા તીક્ષ્ણ હથીયારથી થઇ શકે તેવી છે અને આ ઈજાઓ ભરતભાઈ અને દિનેશભાઇએ પહોંચાડેલી છે. આમ, સાહેદને થયેલ ઈજાઓ તલવારથી થયેલી હોવાનું પુરવાર થાય છે. આરોપીપક્ષનો હાજરી કે ઈજાઓ સંબંધે કોઈ પ્રોબેબલ બચાવ નથી. આ સાહેદની ઉલટતપાસમાં આરોપીપક્ષે કોઈ જગ્યાએ એવું પુછેલ નથી કે કાચ ઉપર પડી જવાથી ઈજા થઈ શકે.

(૧૯) **સા.નં.૩, આંક-૨૦ થી જયદીપકુમાર રમણભાઈ નાડીયાને** તપાસવામાં આવેલા છે, સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે,સાહેદનો પુરાવો રેકર્ડ કરતાં પહેલાં બાળક સોગંદની ગંભીરતા સમજે છે કે કેમ ? તેની ખાત્રી કરી પુરાવો નોંધવામાં આવેલ છે. સાહેદના પુરાવામાંથી ફલીત થાય છે કે ફરીયાદી તેના માતા થાય છે અને સાહેદ દશરથ ભાઈ થાય છે જયારે સાહેદ રમણભાઈ પિતા થાય છે. બનાવ તા. ૦૨-૦૪-૨૦૨૦ ના રોજ આશરે સાતેક વાગ્યે તેમના ઘર આગળ બનેલો. બનાવ વખતે આ સાહેદ અને તેનો ભાઈ દશરથ, તેની માતા પાસે ઉભા હતા અને તેની માતા વાસણ ધોતા હતા ત્યારે આરોપી નં. ૧ ભરતભાઈ તલવાર લઈને આવેલા અને કહેલ કે, 'તમોએ અમારા ભાઈને કાઢી મુકેલ છે.' જેથી સાહેદની માતાએ જણાવેલ કે, 'તમોએ કાઢી મુકેલ છે.' જેથી આરોપી નં. ૧ ભરત ઉશ્કેરાઈ જઈ આ સાહેદની માતાને ગાળો બોલવા લાગેલ અને સાહેદ દશરથભાઈએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી નં. ૧ નાએ દશરથભાઈને તલવાર મારવા જતાં દશરથભાઈએ હાથ વચ્ચે લાવવા છતાં તલવારની ધાર દશરથભાઈને માથાના નીચેના ભાગે કાન ઉપર વાગેલી અને તલવારની મુઠ તેના માતાને મારેલી. ત્યારબાદ આરોપી નં. ૨ અને ૩ લાકડીઓ લઈ આવી સાહેદની માતાને પગમાં મારવા લાગેલા અને આ સાહેદો છોડાવવા વચ્ચે પડતાં તેને પણ પગ ઉપર લાકડીઓ મારેલી. દિનેશભાઈ દુધ ભરાવીને હાથમાં બરણીઓ લઈ આવતા હતા તેમણે પણ દશરથભાઈને ગડદાપાટુનો માર મારેલો. આરોપી નં. ૧ દશરથભાઈને મારવા જતાં દશરથભાઈ ખસી જતાં દિનેશભાઈને તલવાર વાગેલી.

ત્યારબાદ આ સાહેદના પિતા અને મોટા બાપા આવતાં સમજાવીને મોકલી દીધેલા. મહોલ્લાના માણસો ભેગા થયેલા. કોઇ વ્યકિતએ એમ્બ્યુલન્સને ફોન કરેલો. એમ્બ્યુલન્સ આવતાં આ સાહેદના પિતાજી ત્રણેય ઈજા પામનારને વાનમાં બેસાડી મહેસાણા સીવીલ હોસ્પીટલ લાવેલા. દશરથભાઇને પુરૂષ સર્જીકલ વોર્ડમાં અને તેમની માતા પુરીબેનને સ્ત્રી સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલા. પોલીસે બનાવ બાબતે પુછપરછ કરેલી. આરોપીને ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ તલવાર તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ તથા ૩ વાળી લાકડીઓ આરોપીઓના હાથમાં હતી તે જ છે તે રીતે ઓળખી બતાવેલ છે. સાહેદનો પુરાવો બનાવને સમર્થનકારી જણાય છે.

**(૧૯.૧)** ઉલટતપાસમાંથી પણ સ્પષ્ટ થાય છે કે પોલીસે આવીને પુછપરછ કરેલી. બનાવ બન્યા બાદ રાજપુર રહેવા જતા રહેલા. આ સાહેદે બનાવ બાદ ધો. ૯ માં અભ્યાસ કરેલો અને ધો. ૧૦ માં નાપાસ થતાં આગળ અભ્યાસ કરેલ નથી. આ સાહેદ બનાવ વખતે માંકણજ રહેતા હતા. બનાવના દિવસે બહાર ગયેલા નહી. બનાવ વખતે સાહેદ તેમના મામાના ઘરે ગયા હોવાનો ઈન્કાર કરેલ છે અને દશરથભાઇ તેમના ધંધે ગયેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આમ, સાહેદ બનાવસ્થળે હતા તે પુરાવો સ્પષ્ટ પુરવાર થાય છે.

**(૧૯.૨)** ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, “દિનેશભાઇ દુધ ભરાવીને આવતા હતા જેથી તેમના હાથમાં બરણીઓ હતી તે નાખી દઈ મારા ભાઇને ગડદાપાટુનો માર મારવા લાગેલા.” આ હકીકત પોલીસ નિવેદનમાં લખાવી નથી. આ હકીકત સાહેદે વિશેષપણે લખાવેલી છે જે માની શકાય નહી. આ સાહેદે ઈન્કાર કરેલ છે કે તેના માતા–પિતા વચ્ચે અણબનાવ હતો અને તેની માતા તેના પિતાજીથી અલગ રહેતા હતા. આ સાહેદને ખબર નથી કે તેની માતાએ તેના પિતા ઉપર ઇ.પી.કો. કલમ– ૪૯૮(ક) ની ફરીયાદ કરેલ છે અને આરોપીઓએ ડી.એસ.પી.ને તેમની માતા વિરૂધ્ધ અરજી કરેલી છે.

**(૧૯.૩)** ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે આરોપીઓના અને ફરીયાદપક્ષના મકાનો એક જ લાઇનમાં એક જ મહોલ્લામાં છે અને મહોલ્લામાં આર.સી.સી. રોડ આવેલ છે અને મહોલ્લાના તમામ લોકો એક જ રસ્તેથી આવ–જા કરે છે. પ્રથમ મકાન પરસોત્તમભાઈનું છે, બીજું મકાન કાંતીભાઈનું છે અને ત્રીજું મકાન આ સાહેદનું એટલે કે રમણભાઇનું આવેલ છે.

**(૧૯.૪)** ઉલટતપાસમાં સ્પષ્ટ ઈન્કાર કરેલ છે કે દશરથભાઇ, તેમની માતા અને તેઓ ઉશ્કેરાઇ ગયેલા અને દશરથભાઇ ઘરેથી તલવાર લઇ આવેલા અને

દશરથભાઈએ તલવાર દિનેશભાઈને પેટમાં ડાબી બાજુ મારેલી અને પુરીબેને દિનેશભાઈને ગડદાપાટુનો માર મારેલો અને શાંતાબેનન હોઠ ઉપર માર મારેલો અને તલવાર દશરથભાઈ લઈ આવેલા તે તલવાર ઝપાઝપીમાં નીચે પડી ગયેલી અને દશરથભાઈને વાગેલી અને તેની મુઠ તેની માતાને વાગેલી અને આરોપીઓએ કોઈ લાકડીઓથી માર મારેલ નથી અને રોડ ઉપર પડી જતાં તેમની માતાને ઈજા થયેલી.

(૧૯.૫) ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે બનાવ વખતે તેમની માતા વાસણ ધોતા હતા અને બંને ભાઈઓ થોડે દુર બેઠા હતા અને કોઈ વાતચીત થયેલી નહી. હાલના આરોપીપક્ષે આ સાહેદ અને તેમના ભાઈ અને માતા વિરૂધ્ધ પ્રથમ ફરીયાદ આપેલી. આ સાહેદ દવાખાનામાં દાખલ થયેલા નથી. આ સાહેદની માતાએ રબારીઓ વિરૂધ્ધ એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. સમગ્ર ઉલટતપાસ જોતાં સાહેદ બનાવમાં હાજર બનાવ નજરે જોનાર સાહેદ હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. સાહેદના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થાય છે કે આરોપી નં. ૧ નાએ તલવાર ઈજા પામનાર દશરથભાઈને માથાના નીચેના ભાગે મારેલી. ડોકટરશ્રીનો પુરાવો તથા સર્ટીફીકેટ જોતાં દશરથભાઈને જમણા કાનના ઉપરના ભાગે ૪x૨ સે.મી. નો કપાયેલો ઘા થયેલો છે. સાહેદના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થાય છે કે તેમને આરોપી નં. ૨ તથા ૩ નાએ પગ ઉપર લાકડીઓ મારેલી. ડોકટરશ્રીનો પુરાવો જોતાં આ સાહેદને જમણા પગ ઉપર ૨x૧ સે.મી. નો દુ:ખાવા સાથેનો સોજાવાળો વિસ્તરેલો ઘા હતો. સદર હકીકત આંક–૩૧ અને આંક–૩૨ ના સર્ટીફીકેટ અને પેપર્સ ઉપરથી પુરવાર થાય છે અને તેમની માતા પુરીબેનને પણ ઈજાઓ થયેલી. આમ, સાહેદનો પુરાવો વિશ્વસનીય અને આધારભુત ફલીત થાય છે.

**<u>સાહેદના પુરાવાની ચર્ચાઃ–</u>**

(૨૦) **સા.નં. ૬, આંક–૨૫ થી રમણભાઈ જોઈતારામ નાડીયાને** તપાસવામાં આવેલ છે. સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલિત થાય છે કે, બનાવ સમયે બનાવના અરસામાં તેઓ લાયન્સ હોસ્પીટલમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતા હતા અને તેમને સંતાનમાં ઈજા પામનાર દશરથભાઈ અને જયદીપભાઈ છે અને પત્નીનું નામ પુરીબેન છે. તેમના મોટા ભાઈઓમાં પરસોત્તભાઈ અને કાંતીભાઈ છે. આ સાહેદ બનાવના દિવસે સાંજે સાતેક વાગ્યે ખેતરથી ઘરે આવેલા ત્યારે તેમના પત્ની પુરીબેન અને પુત્ર દશરથ ઘરે હાજર હતા અને આરોપી નં.૧ અને તેમનો પુત્ર દશરથ ગડદાપાટુ તથા ઝપાઝપી થતી હતી તે સીવાય કંઈ જોયેલ નથી. તેઓ ઘરમાં પાણી પીવા ગયા ત્યારે તેમની પત્નીને લોહી આવેલું અને તેમની પત્નીને

કેવી રીતે વાગેલું ? તેની ખબર નથી. એમ્બ્યુલન્સ વાનમાં ત્રણેય ઈજા પામનારાઓને આ સાહેદ હોસ્પીટલ લઇ ગયેલા. બનાવની ફરીયાદ સાહેદની પત્નીએ આપેલી તથા પોલીસે તેમની પુછપરછ કરેલી. આરોપીઓને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. બનાવ સમયે આ સાહેદે આરોપીઓના હાથમાં કોઇ હથીયાર જોયેલા નહી. આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી પુછપરછ કરવા છતાં પણ તેઓએ મારામારીનો બનાવ નજરે જોયેલ હોય આરોપીઓના હાથમાં હથીયાર જોયા હોય અને આરોપીઓએ સદર હથીયારો વડે દશરથ, જયદીપ અને તેમની પત્નીને માર મારેલ હોય તેવો લેશમાત્ર સમર્થનકારી પુરાવો ફલીત થતો નથી.

**<u>મેડીકલ પુરાવાની ચર્ચા</u>**

**(૨૧)** **સા.નં.૭,આંક–૨૬ થી ડૉ.અક્ષયકુમાર રામભાઈ પ્રજાપતિને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, તેઓ તા. ૦૨–૦૪–૨૦૨૦ ના રોજ જનરલ હોસ્પીટલ, મહેસાણામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે રાત્રે નવ કલાકે દર્દી નામે દશરથભાઇ રમણભાઇ નાડીયા, રહે. માંકણજનાઓને તેમના સંબંધીઓ મારામારીના ફરીયાદમાં પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા. દર્દીને તપાસતાં દર્દી સભાન અવસ્થામાં હતા અને દર્દીએ જાતે હીસ્ટ્રીમાં જણાવેલ કે મને તલવાર થોડા સમય પહેલાં ભરતભાઇ અને દિનેશભાઇએ માંકણજ ગામે મારી. સદર હીસ્ટ્રી ડોકટરશ્રીએ સ્વહસ્તાક્ષરમાં કેસ પેપરમાં લખી લીધેલી. દર્દીને નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

1. જમણા કાનના ઉપરના ભાગે ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા.
2. ડાબી કોણીના ભાગે ૨ x ૧ સે.મી. નો દુ:ખાવાવાળો સોજા સાથેના વિસ્તરેલો ઘા હતો.
3. ડાબી કોણી પર ઈજા નં. ૨ ની થોડા ઉપર ૨ x ૨ સે.મી. નો દુ:ખાવાવાળો સોજા સાથેનો વિસ્તરેલો ઘા હતો.
4. માથાના આગળના ભાગે ડાબી બાજુ ૪ x ૨ સે.મી. નો કપાયેલો, છુંદાયેલો ઘા હતો.

**(૨૧.૧)** દર્દીના એક્ષ–રેમાં કઇ અસામાન્ય ન હતું. દર્દીને પુરૂષ સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલા અને તા. ૦૫–૦૪–૨૦૨૦ ના રોજ ૧૦:૧૦ કલાકે સવારે સલાહ વિરૂધ્ધ રજા લઇને જતા રહેલા. સદર ઈજાઓ છ કલાકની અંદર થઇ શકે તેવી હતી અને સાદી હતી. ઈજા નં. ૧ તીક્ષ્ણ હથીયાર વડે અને ઈજા નં. ૨ થી ૪ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી. સદર ઈજાઓ તલવાર અને લાકડી જેવા

હથીયારથી થઇ શકે. આંક–૨૭ નું સર્ટીફીકેટ અને આંક–૨૮ ના સારવાર અંગેના પેપર્સ તથા એક્ષ–રે ડોકટરશ્રીએ તેમના હસ્તાક્ષરમાં લખી સહી કરી આપેલા છે.

**(૨૧.૨)** તા.૦૨–૦૪–૨૦૨૦ ના રોજ આ સાહેદ જનરલ હોસ્પીટલ, મહેસાણામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે રાત્રે નવ કલાકે દર્દી નામે પુરીબેન રમણભાઇ નાડીયા, રહે. માંકણજનાઓને એમ્બયુલન્સમાં વાન દ્વારા મારામારીના ફરીયાદમાં પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા. દર્દીને તપાસતાં સંપુર્ણ સભાન અવસ્થામાં હતા દર્દીએ જાતે હીસ્ટ્રીમાં જણાવેલ કે મને ભરતે તલવાર માંકણજ ગામે થોડા સમય પહેલાં મારેલી. સદર હીસ્ટ્રી ડોકટરશ્રીએ સ્વહસ્તાક્ષરમાં કેસ પેપરમાં લખી લીધેલી. દર્દીને નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

1. માથાના આગળના ભાગે ડાબી બાજુએ ૬ x ૨ સે.મી. નો કપાયેલો ઘા જેની ફરતે લોહી જામેલું હતું.
2. માથાના મધ્ય ભાગે જમણી બાજુએ ૮ x ૨ સે.મી. નો કપાયેલો ઘા હતો જેની ફરતે લોહી જામેલું હતું.
3. ડાબા થાપાના ભાગે ૨ x ૧ સે.મી. નો દુ:ખાવાવાળો સોજા સાથેનો વિસ્તરેલો ઘા હતો.
4. માથાના પાછળના ભાગે ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા હતો.

**(૨૧.૩)** દર્દીના એક્ષ–રેમાં કઇ અસામાન્ય ન હતું. દર્દીને સ્ત્રી સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલા અને તા. ૦૭–૦૪–૨૦૨૦ ના રોજ ૧૦:૧૦ કલાકે સવારે સલાહ વિરૂધ્ધ રજા લઇને જતા રહેલા. સદર ઈજાઓ છ કલાકની અંદર થઇ શકે તેવી હતી અને સાદી હતી. ઈજા નં. ૧,૨ તથા ૪ તીક્ષ્ણ હથીયાર વડે થઇ શકે તેવી હતી તથા ઈજા નં. ૩ સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી ઈજા હતી. સદર ઈજાઓ તલવાર અને લાકડી જેવા હથીયારથી થઇ શકે. આંક–૨૯ નું સર્ટીફીકેટ અને આંક–૩૦ ના સારવાર અંગેના પેપર્સ તથા એક્ષ–રે ડોકટરશ્રીએ તેમના હસ્તાક્ષરમાં લખી સહી કરી આપેલા છે.

**(૨૧.૪)** તા.૦૨–૦૪–૨૦૨૦ નારોજ આ સાહેદ જનરલ હોસ્પીટલ, મહેસાણામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે રાત્રે નવ વાગ્યે જયદીપકુમાર રમણભાઇ નાડીયા, ઉ.વ.૧૩, રહે. માંકણજવાળાને તેઓના સંબંધીઓ મારામારીના ફરીયાદમાં પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલા. દર્દીને તપાસતાં સંપુર્ણ સભાન અવસ્થામાં હતા. દર્દીએ જાતે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''મને લાકડી કોઈકે માંકણજ ગામે મારેલી.'' સદર હીસ્ટ્રી ડોકટરશ્રીએ સ્વહસ્તાક્ષરમાં કેસ પેપરમાં લખી લીધેલી. દર્દીને નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. જમણા પગ

ઉપર ૨ x ૧ સે.મી. નો દુ:ખાવા સાથેનો સોજાવાળો વિસ્તરેલો ઘા હતો. સદર ઈજા છ કલાકની અંદર મટી શકે તેવી સાદી હતી. આ ઈજા સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી ઈજા હતી. સદર ઈજા લાકડી વડે થઇ શકે તેવી હતી. આંક–૩૧ નું સર્ટીફીકેટ અને આંક–૩૨ ના સારવાર અંગેના પેપર્સ ડોકટરશ્રીએ તેમના હસ્તાક્ષરમાં લખી સહી કરી આપેલા છે.

**(૨૧.૫)** ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે હીસ્ટ્રી પુરીબેને જાતે લખાવેલી છે અને પુરીબેનના માથાના આગળના ભાગે થયેલી ઈજા સાદી હતી. માથાના પાછળના ભાગે ઉંડો ઘા ન હતો. રોડ ઉપર અણીદાર પથ્થર પડયો હોય તો તેને અથડાવાથી પુરીબેનને થયેલ ઈજાઓ થઇ શકે અને ખરબચડી દિવાલ સાથે માથુ ભટકાવાથી પણ પુરીબેનને થયેલી ઈજાઓ થઇ શકે. ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે દશરથભાઈએ જાતે જ હીસ્ટ્રી લખાવેલી અને દશરથભાઇને જમણા કાન ઉપર થયેલી ઈજા કાચ ઉપર પડે તો થઇ શકે તેવી હતી અને કોણી ઉપરની ઈજા સખત અને બોથડ પદાર્થ પર પડવાથી થઇ શકે તેવી હતી. જયદીપને થયેલ ઈજા રોડ ઉપર પડવાથી થઇ શકે તેવી હતી. ત્રણેય દર્દીઓને અસ્થીભંગ ન હતો. સાહેદના પુરાવાથી સ્પષ્ટ થાય છે કે કે દશરથભાઇને થયેલ ઈજા નં. ૧ તીક્ષ્ણ હથીયાર એટલે કે તલવાર થી થઇ શકે તેવી છે, જયારે પુરીબેનને થયેલ ઈજા નં. ૧,૨ અને ૪ તલવારથી થઇ શકે તેવી છે અને જયદીપને થયેલ ઈજા લાકડી વડે થઇ શકે તેવી છે તેવું પુરવાર થાય છે.

**પંચ સાહેદોના પુરાવાની ચર્ચા**

**(૨૨)** **સા. નં. ૪ (આંક–૨૧) થી જીતેન્દ્રસીંહ રણજીતસીંહ ઝાલા** તેમજ **સા. નં. ૫ (આંક–૨૪) થી પ્રહલાદભાઇ મગનભાઇ નાડીયાને** તપાસવામાં આવેલા છે, બંને પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં માત્ર આંક–૨૨ ના પંચનામામાં અને આંક–૨૩ ની પંચ સ્લીપોમાં સહી કરેલી છે. તે સીવાય તેમની હાજરીમાં પંચનામાની કાર્યવાહી થઇ હોય અને બંને પંચ સાહેદોએ કાર્યવાહીમાં ભાગ લીધો હોય અને તેમની હાજરીમાં આરોપીઓએ મારક હથીયારો રજુ કર્યા હોય અને પોલીસે કબજે લીધેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફલીત થતો નથી.

**(૨૩)** **સા. નં. ૮ (આંક–૩૩) થી વિપુલભાઇ જશુભાઇ નાડીયા** તેમજ **સા. નં. ૯ (આંક–૩૫) થી મહેન્દ્રભાઇ કરશનભાઇ નાડીયાને** તપાસવામાં આવેલા છે, બંને પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતાં તેઓએ માત્ર આંક–૩૪ ના પંચનામામાં સહી કરેલી છે. તે સીવાય તેમની હાજરીમાં નાડીયા પાયલબેન

પરેશભાઇનાઓએ ગુનાવાળી જગ્યા બતાવી હોય અને તેનું પંચનામું કરવામાં આવેલ હોય તેવું ફલીત થતું નથી.

**<u>પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા</u>–**

(૨૪) **સા. નં. ૧૦ (આંક–૩૬) થી કાનજીભાઇ કલાભાઇ રબારીને** તપાસવામાં આવેલા છે. સાહેદના પુરાવામાંથી ફલીત થાય છે કે સને–૨૦૨૦ માં તેઓ સાંથલ પો.સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા. ૦૩–૦૪–૨૦૨૦ ના રોજ સવારના ૦૮:૦૦ થી બીજા દિવસના સવારના ૦૮:૦૦ વાગ્યા સુધી પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે હે.કો. શ્રી વિપુલકુમાર રૂબરૂની ફરીયાદ ફરીયાદી પુરીબેન રમણભાઇ નાડીયાએ લખાવેલી જે રજીસ્ટર થવા માટે આ સાહેદ સમક્ષ મોકલી આપતાં તેઓએ સ્ટે.ડા. માં નોંધેલી. આજરોજ રજુ કરેલ અસલ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૬/૨૦૨૦, તા. ૦૩–૦૪–૨૦૨૦ ઉપર સદર ગુનાની નોંધ કરેલી અને સદર ફરીયાદ ક્રી.પ્રો. કોડની કલમ–૧૫૪ ના ફોર્મમાં નોંધેલ હતી. ફરીયાદનો ગુનો દાખલ કરવા બાબતનો પત્ર શ્રી વિપુલકુમારે મોકલી આપેલો, જે આ કામે આંક–૩૮ થી રજુ છે અને સ્ટે.ડા. ની ખરી નકલ આંક–૩૭ થી રજુ કરેલ છે. ગુનો રજીસ્ટર કર્યા બાદ આગળની તપાસ હે.કો.શ્રી જાલમસીંહને ડેપ્યુટ હુકમ આંક–૩૯ સાથે મોકલી આપેલી.

(૨૪.૧) ઉલટતપાસમાંથી ફલીત થાય છે કે આ ગુનાની નોંધ કરવામાં આવી તે અગાઉ આ બનાવનો ક્રોસ કેસનો ગુનો રજીસ્ટર થયેલો હતો.

(૨૫) **સા. નં. ૧૧ (આંક–૪૦) થી જાલમસીંહ જગુભા રાઠોડને** તપાસવામાં આવેલા છે. સાહેદના પુરાવામાંથી ફલીત થાય છે કે સને–૨૦૨૦ માં તેઓ સાંથલ પો.સ્ટે. માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફ.ગુ.ર. નં. ૧૪/૨૦૨૦ થી ઇ.પી.કો. કલમ–૩૨૪ વિ. મુજબનો ગુનો દાખલ થયેલો અને તેની તપાસ આંક–૩૯ ના ડેપ્યુટ હુકમ સાથે તેમના તરફ મોકલવામાં આવેલ હતી તે તપાસના કામે સાહેદોના નિવેદનો લીધેલા અને ૦૩–૦૪–૨૦૨૦ ના રોજ પંચો બોલાવી ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૩૪ પંચોના લખાવ્યા મુજબનું લખેલું. તા. ૧૧–૦૫–૨૦૨૦ ના રોજ આરોપીઓએ ગુનામાં વાપરેલ મારક હથીયારનું પંચનામું આંક–૨૨ નું પંચોના લખાવ્યા મુજબનું લખેલું. આંક–૪૧ નું અધીક જીલ્લા મેજી.શ્રીનું હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હતું જે તપાસના કામે કબજે લીધેલું. કોર્ટ સમક્ષ આરોપીઓને તથા મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાથી ચાર્જશીટ કરેલું.

**(૨૫.૧)** ઉલટતપાસમાંથી સ્પષ્ટ થાય છે કે સાંથલ પો.સ્ટે. માં અગાઉ ગુ.ર. નં.૧૩/૨૦૨૦ નોંધાયેલ હતો જે હાલના આરોપીઓએ ફરીયાદી સામે કરેલો હતો તે ગુનો હતો. ઉલટતપાસથી ફલીત થાય છે કે પહેલો ઝઘડો પુરીબેન તથા દશરથભાઈએ કરેલો. હાલના બનાવમાં ફરીયાદી દીનેશકુમાર પરસોત્તમભાઈ નાડીયા મરણ ગયેલા હતા. બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલું પરંતુ તેઓએ નકશો બનાવેલ ન હતો. તપાસ દરમ્યાન પુરીબેન અને તેમના પતિ રમણભાઈ વચ્ચે ખટરાગ ચાલતો હોવાની કોઈ માહિતી મળેલી નહી. આરોપીઓએ પુરીબેન વિરૂધ્ધ ડી.એસ.પી.ને અરજી કરેલી અને ફરીયાદી પુરીબેને હાલના આરોપીઓ અને તેમના પતિ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ-૪૯૮(ક) ફરીયાદ કરેલી અને તેમાં આરોપીઓ નિર્દોષ છુટેલા. ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ કોઈપણ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૨૫.૨)** આમ, આ બનાવમાં બે સામાસામી ફરીયાદો થયેલી છે અને પ્રથમ ફરીયાદ દીનેશભાઈ પરસોત્તભાઈ નાડીયાએ આપેલી જે સાંથલ પો.સ્ટે. ફ.ગુ.ર. નં. ૧૩/૨૦૨૦ થી રજીસ્ટર થયેલી છે. ત્યારબાદ હાલના ગુનાની ફરીયાદ રજીસ્ટર થયેલી છે.

**(૨૬)** **સા. નં. ૧૨ (આંક-૪૨) થી વિપુલકુમાર બાબુભાઈ ચૌધરીને** તપાસવામાં આવેલા છે. સાહેદના પુરાવામાંથી ફલીત થાય છે કે સને-૨૦૨૦ માં તેઓ સાંથલ પો.સ્ટે. માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન તા. ૦૨-૦૪-૨૦૨૦ ના રોજ તેમના પો.સ્ટે. ના એ.એસ.આઈ.શ્રી કાનજીભાઈ કલાભાઈ ફરજ ઉપર હતા તે વખતે એ.એસ.આઈ.શ્રી રાયમલભાઈ વસ્તાભાઈ, સીવીલ ડયુટીનાઓએ ડોકટરશ્રી અક્ષય પ્રજાપતિની સુચનાથી વર્ધી લખાવેલ કે, ‘મારામારીમાં ઈજા પામનાર દશરથભાઈ નાડીયા તથા પુરીબેન માંકણજનાઓની સારવાર કરી એમ.એસ.ડબલ્યુ વોર્ડમાં દાખલ કરેલ છે અને જેઓની પુછપરછ કરતાં નાડીયા ભરતભાઈ કાનજીભાઈ વિગેરે તલવારથી હુમલો કરેલાનું જણાવેલ છે તે નિવેદન કાર્યવાહી કરવા સારૂ જવાબદાર અધીકારીને મોકલી આપી ઘટતી કાર્યવાહી કરશો.’ આ વર્ધી આવતાં પી.એસ.ઓ.શ્રીએ સાંથલ પો.સ્ટે. ટેલીફોન આવક નં. ૭૮/૨૦૨૦ થી તા. ૦૨-૦૪-૨૦૨૦ ના રોજ નોંધ કરી વર્ધી આ સાહેદ તરફ મોકલી આપેલ.વર્ધીના આધારે તા. ૦૩-૦૪-૨૦૨૦ ના રોજ આ સાહેદ મહેસાણા સીવીલ હોસ્પીટલે જઈ દર્દી પુરીબેન રમણભાઈ નાડીયાની ફરીયાદ લીધેલી. આંક-૧૫ ની ફરીયાદ ઓળખી બતાવેલ છે અને ફરીયાદ લીધા બાદ

ગુનો રજીસ્ટર કરવા આંક–૩૮ નો રીપોર્ટ કરેલો. આ સાહેદે ફરીયાદ લીધા સીવાય બીજી કોઇ કાર્યવાહી કરી નથી.

(૨૭) સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, આરોપીપક્ષ અને ફરીયાદપક્ષ વચ્ચે તા. ૦૨–૦૪–૨૦૨૦ ના રોજ સાંજના સમયે ભરતભાઈના ભાઇ (સેંધાભાઇ) ને ગામમાં રહેવા દીધેલ નથી તે બાબતે બોલાચાલી થયેલી, ઝઘડો થયેલો અને તે સમયે આરોપી નં. ૧ નાએ ઉશ્કેરાઇ જઇ દશરથભાઈને તલવાર મારતાં વચ્ચે હાથ લાવતાં તલવારની કિનારી માથાના નીચે કાન ઉપર વાગેલ અને આરોપી નં. ૧ નાએ ફરીયાદીને પણ માથામાં તલવાર મારેલ. આ ઝઘડા દરમ્યાન આરોપી નં. ૨–૩ નાએ લાકડી જયદીપને પગમાં મારેલી. ડોકટરશ્રીનો પુરાવો જોતાં સ્પષ્ટ પુરવાર થાય છે કે જમણા કાન ઉપર ૪ x ૨ સે.મી. નો કપાયેલો ઘા થયેલો, માથાના આગળના ભાગે ડાબી બાજુએ ૪ x ૨ સે.મી. નો કપાયેલો, છુંદાયેલો ઘા થયેલો અને અન્ય પણ દુ:ખાવા સાથેના સોજા સાથેના બીજા બે વિસ્તરેલા ઘા હતા. હીસ્ટ્રીમાં પણ આરોપી નં. ૧ નાએ તલવાર મારેલાની હકીકત સ્પષ્ટ થયેલ છે. દશરથભાઈને થયેલી ઈજાઓ સાદી હતી પરંતુ કપાયેલા ઘા છે જે તલવારથી થઇ શકે તેવો ડોકટરશ્રીનો પણ અભિપ્રાય છે અને ઈજા પામનાર દશરથે પણ જણાવેલ છે કે, ભરતે તલવાર જમણા કાન ઉપર અને માથાના આગળના ભાગે ડાબી બાજુ મારેલી. સાહેદ પુરીબેનના પુરાવાથી પણ સ્પષ્ટ થાય છે કે તેમને માથાના આગળ ડાબી બાજુએ ૬ x ૨ સે.મી. નો કપાયેલો ઘા હતો. માથાની જમણી બાજુએ ૮ x ૨ સે.મી. નો કપાયેલો ઘા હતો અને માથાના પાછળના ભાગે ૪ x ૨ સે.મી. નો ઘા હતો. સાહેદના પુરાવાથી સ્પષ્ટ થાય છે કે આ ઈજા આરોપી નં. ૧ નાએ તલવારથી પહોંચાડેલી. સદર ઈજા કપાયેલી ઈજા છે અને તલવારથી થઇ શકે તેવી ઈજા છે. ડાબા થાપા ઉપર દુ:ખાવા સાથેનો સોજો હતો. જો કે સદર ઈજાઓ સાદી છે અને થાપા ઉપરની ઈજા લાકડીથી થઇ શકે તેવી છે. થાપા ઉપરની ઈજા પુરીબેનને આરોપી નં. ૨–૩ દ્વારા પહોંચાડેલ હોવાનું પુરવાર થાય છે.

(૨૮) સાહેદ જયદીપના પુરાવા ઉપરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે કે તેમને લાકડીથી આરોપી નં. ૨–૩ દ્વારા માર મારવામાં આવેલ, તેમના જમણા પગ ઉપર ૨ x ૧ સે.મી. નો દુ:ખાવા સાથેનો સોજો હતો જે લાકડી જેવા હથીયારથી થઇ શકે. સાહેદે પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેમને બનાવમાં પગ ઉપર લાકડીઓ આરોપી નં. ૨–૩ નાએ મારેલી અને તેમની માતુશ્રીને પણ મારેલી. આમ, આરોપી નં. ૨–૩ દ્વારા પુરીબેન અને જયદીપને લાકડીઓ દ્વારા ઈજા પહોંચાડવામાં આવેલ

હોવાનું પુરવાર થાય છે. બનાવ સામસામે બનેલો છે. બનાવમાં ઈજા પામનાર પુરીબેન, દશરથભાઈ અને જયદીપ છે. ત્રણેયને ઈજાઓ થયેલી છે. બનાવ સામસામે હોઈ આરોપીઓની બનાવમાં હાજરી બાબતે કોઈ શંકા નથી અને હાજરી સંબંધે કોઈ પ્રોબેબલ બચાવ નથી. સમગ્ર પુરાવો જોતાં આરોપીપક્ષનો હાજરી કે ઈજાઓ બાબતે કોઈ પ્રોબેબલ બચાવ ફલીત થતો નથી. તપાસમાં કોઈ ખામી નથી. પુરીબેને હાલના આરોપીઓ અને તેમના પતિ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ-૪૯૮(ક) ની ફરીયાદ કરેલી તે માત્ર બચાવ પ્રોબેબલ ફલીત થતો નથી. સમગ્ર પુરાવો જોતાં આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત ઈ.પી.કો. કલમ-૩૨૩, ૩૨૪, ૧૧૪ મુજબનુ પુરવાર થાય છે. બનાવ સમયે અધીક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું અસ્તીત્વમાં હતું અને આરોપીઓએ હાથમાં હથીયાર ધારણ કરી બનાવમાં ફરીયાદી તથા બે સાહેદોને હથીયારો દ્ધારા ઈજા પહોંચાડેલી છે. સદર જાહેરનામું બનાવ સમયે અસ્તીત્વમાં ન હતું તેવો કોઈ બચાવ નથી. આંક-૪૧ થી હથીયારબંધીનું જાહેરનામું ફરીયાદપક્ષે રજુ કરેલ છે. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ જી.પી.એકટની કલમ-૧૩૫ નો ગુનો પણ પુરવાર થાય છે. આરોપીઓ બનાવમાં શું બિભત્સ શબ્દો બોલ્યા તે પુરવાર થતું ન હોઈ ઈ. પી. કો. કલમ ૫૦૪ નો ગુનો પુરવાર થતો નથી.આમ, ઉપરોકત ચર્ચાના અંતે **મુદ્દા નં.૧ નો** જવાબ **અંશતઃહકારમાં** આપી, **મુદ્દા નં. ૨ નો** જવાબ **હકારમાં** આપી **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

(૧) આ કામના **આરોપી નં. ૧ નાડીયા ભરતભાઈ કાંતીભાઈ, આરોપી નં. ૨ નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ તથા આરોપી નં. ૩ નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ- ૫૦૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપોમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના **આરોપી નં.૧ નાડીયા ભરતભાઈ કાંતીભાઈ**નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૪ સાથે વાંચતાં કલમ ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩) જયારે **આરોપી નં.૨ નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ તથા આરોપી નં. ૩ નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈનાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩ સાથે વાંચતાં કલમ ૧૧૪ તથા

જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીઓને તેઓની સામે પુરવાર થયેલ ગુના સંબંધે સજાના પ્રમાણ બાબતે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૦મી માહે ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦–૦૮–૨૦૨૫
મહેસાણા.

**(અંબરીષ લાલજીભાઇ વ્યાસ)**
સત્ર ન્યાયાધીશ, મહેસાણા.
GJ00508.

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

(૨૯) **સજા બાબતે સાંભળ્યા**.

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.કે.બ્રહ્મભટ્ટનાઓએ રજુઆત કરતાં જણાવેલ છે કે, ત્રણેય આરોપીઓ તરફે અમો પ્રોબેશનના લાભ માટેની અરજી આપીએ છીએ, જેથી પ્રોબેશનનો લાભ આપવા વિનંતી છે.

(૩૦) સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી બી.જી.પટેલનાઓ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે,આરોપીઓનો પ્રોબેશનનો રીપોર્ટ આવ્યા પછીથી નિર્ણય કરવા વિનંતી છે.

(૩૧) બંને પક્ષે થયેલ રજુઆતોને ધ્યાને લીધી. આરોપીપક્ષની રજુઆતને ધ્યાને લેતાં પ્રોબેશનનો રીપોર્ટ આવવા ઉપર મુલત્વી રાખવાનું ન્યાયોચીત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ :: –**

- **આરોપી નં. ૧ નાડીયા ભરતભાઈ કાંતીભાઈ, આરોપી નં. ૨ નાડીયા દિલીપભાઈ કાંતીભાઈ તથા આરોપી નં. ૩ નાડીયા પરસોત્તમભાઈ જોઈતાભાઈનાઓ** તરફે પ્રોબેશનનો લાભ આપવા માટેની અરજી આપવામાં આવેલ હોઈ પ્રોબેશન ઓફિસરશ્રીનો રીપોર્ટ આવી નિર્ણય થતાં સુધી સજાનો હુકમ હાલના તબકકે **મુલતવી** રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ **૩૦મી માહે ઓગસ્ટ, સને ૨૦૨૫** નારોજ ખુલ્લી અદાલત મધ્યે વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યા.

તારીખ ૩૦–૦૮–૨૦૨૫
મહેસાણા.

**(અંબરીષ લાલજીભાઇ વ્યાસ)**
સત્ર ન્યાયાધીશ, મહેસાણા.
GJ00508.

32. After conviction, Ld. Advocate for accused Mr. R.B. Patel as well as accused Nos.1 to 3 themselves prayed for calling the report of probation officer vide application at Exh.47. Pursuant to such application report from Probation Officer is called, which is brought on record vide Exh.49, 50 and 51.

33. Having perused the reports of Probation Officer, Ld. Advocate Shri. Patel representing the accused persons, by submitting application Exh.47, argued that accused Nos.1 to 3 are poor and they have social responsibility and requested / prayed for grant of Probation. He further submitted that considering the report of Probation Officer, this Court keeping in mind the situation midst of which offence is committed and prevalent position of the accused persons and considering their age as well as responsibility upon them, they may not be ordered to go to the prison. More particularly, after criminal incident upon the accused persons, no further offence has been registered against the present accused persons. He further argued that after the incident no any dispute has arisen and if, they are ordered to undergo to the imprisonment then it will ruin their entire family. So he submitted to extend the benefit of probation to the present accused persons.

34. I have heard Ld. Advocate Mr. B.M. Chavada on behalf of injured persons and Ld. A.P.P. Mr. B.G. Patel in given situation submitted this court to pass necessary order in the interest of justice. He does not press for continue

punishment to the accused person. He also argued that looking to the allegation leveled in the present criminal case, the victims are also required to be compensated.

35. On going through the record and proceedings of the case, the victim Dashrathbhai Ramanbhai Nadiya has been examined vide Exh.19, wherein he has clearly mentioned that how and in which manner accused persons hit him with sword on the upper portion of right ear, elbow of left hand and on the forehead and simple injuries were found and he is knowing which persons assaulted by sword. In the cross-examination, nothing fruitful is culled out. The complaint on record also supports the case and medical officer has also given the supporting evidence to the prosecution and since, deposition of victim Dashrathbhai be considered par to deposition of injured witness, it was sufficient to bring home the case.

36. On going through the record and proceedings of the case, the victim Puriben Ramanbhai Nadiya has been examined vide Exh.14, wherein she has clearly mentioned that how and in which manner accused persons hit her with sword on the left side of forehead and right side of middle of the head and simple injuries were found and she is knowing which persons assaulted by sword. In the cross-examination, nothing fruitful is culled out. The complaint on record also supports the case and medical officer has also given the supporting evidence to the prosecution and since, deposition of victim Puriben be considered par to

deposition of injured witness, it was sufficient to bring home the case.

37. Having perused the material and evidence Ld. Advocate Mr. R.B. Patel submitted that he has no case as far as upturning of conviction, but looking to the fact and circumstances of the case, the interest of justice would served if, the benefit under the Probation of Offender Act is granted to the accused persons. It is also required to be noted that present three accused persons have also prayed for grant of probation.

38. Therefore, regard being had to appreciation of material and evidence together with totality of facts and circumstances, this court finds that impugned judgment and order recording conviction of the accused u/s. 323 & 324 of I.P.C. cannot be said to be erroneous. This Court has discussed evidence with regard to necessary ingredients and appreciation of evidence, more particularly, that of the injured, the conviction cannot be said to perverse, but at the same time, it is to be mentioned that offence was taken place in 2020. The accused were approximately aged about 25, 22 and 58 years at that relevant point of time, deserves grant under the benefit of the Probation Officer.

39. I have perused the report produced by Probation Officer. According to his report and supported documents, it reveals that accused No.1 was aged about 25 years, accused No.2 was 22 years and accused No.3 was 58

years old at the relevant time of incident. The dispute arise due to quarrel with the complainant and injured and they hit them with Sword and dhoka (wooden stick) and kick and fist blows. The report further speaks that the accused persons have family ties, it means that the accused are living a settled life and engaged in their family. Looking to the certificate of P.I. Santhal, no other offence is registered against accused persons. Sarpanch of Maknaj gram Panchayat and Secretary of Maknaj Dudh Utpadah Sahakari Mandali and other people have also ratified their good conduct and character of the accused persons. Probation officer has given clear opinion to give probation to accused persons.

40. The accused persons are remained present before the court. They feels remorse and repentance. They are worried about their future and also future of their family. In these circumstances, this court on scrutiny of material and evidence finds that since accused person are facing conviction, the benefit under the Probation of Offender Act should be given.

41. Section 4 of Probation Offender Act reads as: *"When any person is found guilty of having committed an offence not punishable with death or imprisonment for life and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offence and the character of the offender, it is expedient to release him on probation of good conduct, then, notwithstanding anything contained*

*in any other law for the time being in force, the court may, instead of sentencing him at once to any punishment direct that he be released on his entering into a bond, with, or without sureties, to appear and receive sentence when called upon during such period, not exceeding three year, as the court may direct, and in the meantime to keep the peace and be of good behavior:"*

*"Provided that the court shall not direct such release of an offender unless it is satisfied that the offender or his surety, if any, has a fixed place of abode 'or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the, offender is likely to live during the period for which he enters into the bond."*

42. In case of **Dalbirsing Vs. State of Haryana, AIR 2000 SC 1677**, Hon'ble Apex Court held thus:

*"If the court forms the opinion that it is expedient to release the offender on probation for his good conduct regard being had to the circumstances of the case. One of the circumstances which cannot be sidelined in forming the said opinion is "the nature of the offence". Thus Section 4 can be resorted to when the court considers the circumstances of the case, particularly the "nature of the offence" and the court forms its opinion that it is suitable and appropriate for accomplishing a specified object that the offender can be released on probation of good conduct."*

43. Profitably dictum of Hon'ble Gujarat High Court in case of **Ayubbhai Ashrafbhai (Vanzara) Bhatti Vs. State of Gujarat, 2011 JX (Gujarat) (0) 629** can also be referred as:

*“the apex court clearly goes to indicate in some of its decision that while dealing with the sentence, imposed upon the accused the court should consider the category of case. The court is aware that Protraction of trial or delay of hearing, of criminal appeal would normally would not comes in the way of imprisonment of sentenced and that by condition, would not sufficient to reduce the quantum of punishment of imposed. But considering the circumstances that my be pointed out to the court, the lesser punishment can be imposed by the court. Ultimately, the imposition of punishment, period of punishment and substantive sentenced should be able to carry the proper message to the society, but in each order of punishment should deter the members of the society. I am of the opinion that the learned trial judge ought to have thought whether the appellant should be given any benefit of Section 4 of the Probation of Offenders Act or not.”*

44. In the present case having followed the dictum noted at Supra, considering the nature of offence along with attentive circumstances and the fact that accused persons faced stigma of conviction for the offence u/s.323 & 324 of I.P.C. Thus, I find that justice shall be sub-served, if benefit of Probation is granted.

45. Section 5 of Probation of Offender Act speaks that if benefit u/s.3 or 4 is given, the court may direct person to pay such cost for court proceeding and to the victim, that feels reasonable and proper. Taking into consideration the time which took shelter for court proceeding and considering preciousness of it, as well as suffering of victim, I pass order of Rs.1,000/- as cost upon each accused person which should be paid in DLSA, Mahesana and the accused No.1 shall pay Rs.5,000/- to each victims i.e. Dashrathbhai and Puriben and accused Nos.2 & 3 each shall pay Rs.2,500/- to the victim Puriben while extending benefit of probation.

46. Hence, I pass following order.

**:: ORDER ::**

- This sessions case is hereby partly allowed.
- The judgment of conviction recorded by this court in Sessions Case No.49/2021 dated 30.08.2025 is maintained and confirmed. This Court extend benefit of Probation under Section 4 of the Probation of Offender Act to the present accused persons.
- Each accused persons are hereby directed to execute bond of Rs.10,000/- as per Section 4 of the Probation of Offender Act read with Section 361 of Cr.P.C. with surety of like amount for a period of 02 years before this Court, failing which this Court is ordered to issue non-bailable arrest warrant against

the accused persons directing them to receive sentence.

- The order of conviction passed by this court present accused persons in sessions Case No.49/2021 shall remain under abeyance till period of bail bond, i.e. for 02 years and in absence of any other order, it shall become inoperative on completion of period of 02 years.
- Breach of any of the condition shall lead to issuance of non bailable warrant against the accused persons and hearing for sentence.
- Accused persons are hereby commanded to keep the peace, harmony and be of a good behavior during the period of 02 years and it is expected to be continued for rest of their life and shall also file affidavit qua, before this Court.
- Cost of Rs.1,000/- u/s. 5 of the Probation of Offenders Act is imposed and shall be payable by the each accused person into DLSA, Mahesana within 07 days and the accused No.1- Bharatbhai Kantibhai Nadiya shall pay Rs.5,000/- to each victims i.e. Dashrathbhai and Puriben and accused No.2 - Dilipbhai Kantibhai Nadiya & accused No.3 - Parsottambhai Joitabhai Nadiya each shall pay Rs.2,500/- to the victim Puriben and same shall be deposited within 07 days in the court of sessions judge. Non-compliance of this order shall be construed as breach of condition of the bail bond.

સત્ર ન્યાયાધીશ,
મહેસાણા.

- The bail bond executed during hearing of this case shall be discharged on executing bail bond stated here in above u/s. 4 of the Probation of Offenders Act read with Sec.361 of Cr.P.C. which shall be executed sooner as possible but not beyond 07 days from today before this court.
- With above order sessions case stands disposed off.
- It is hereby ordered to send the copy of this order to the Probation Officer, Mahesana.

Signed and Pronounced in the Open Court
today on this 25th day of September, 2025.

**Place: Mahesana.**
Date: 25/09/2025.

**(Ambrish Laljibhai Vyas)**
Sessions Judge,
Mahesana.
Code No.GJ00508